# ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સે UV કેસ લોંચ કર્યું

મુંબઈ,તા.૦૧
સીક્યોરિટી સોલ્યુશન્સમાં ભવિષ્યની ટેકનોલોજી વર્તમાનમાં પ્રસ્તુત કરવામાં અગ્રણી કંપની ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સ (GSS) એ મે મહિનામાં કોવિડ ડિફેન્સ સીક્યોરિટીમાં વિવિધ ઉત્પાદનો સાથે હેલ્થ સીક્યોરિટી સેગમેન્ટમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી હતી. હેલ્થ સીક્યોરિટી સેગમેન્ટમાં ઉત્પાદનો માટે વધતી માગને પૂર્ણ કરવા માટે ગોદરેજે 'UV કેસ' લોંચ કર્યું છે અને એના હેલ્થ સીક્યોરિટી સેગમેન્ટનું વિસ્તરણ કર્યું છે. પોર્ટફોલિયો રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ, ઉપકરણો અને સપાટીઓને સેનિટાઇઝ કરવાની સમસ્યાનું સમાધાન કરશે, જે સંકુલમાં પ્રવેશ કરતા અગાઉ કેટલાંક લોકોના સંપર્કમાં આવે છે.